*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 101441

# 111(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 63 પ્રશ્નો છે.
2) જમણી બાજુમાં અંક ગુણ દર્શાવે છે.
3) વિભાગ-A થી Eના પ્રશ્નોનાં જવાબ સૂચના મુજબ લખવાના છે.

## વિભાગ - A

■ **નીચેના પ્રત્યેક પ્રશ્નોમાં આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો. દરેકનો 1 ગુણ છે :** **[15]**

1) રાષ્ટ્રીયકૃત બેન્કોએ સહકારી મંડળીઓને દત્તક લેવાની યોજના ક્યારે શરૂ થઈ ?

(A) 1951 (B) 1960

(C) 1970 (D) 1996

2) ભારત દેશમાં કેટલા ટકા લોકો ખેતી અને પશુપાલન વ્યવસાયમાં રોકાયેલા છે ?

(A) 60% (B) 70%

(C) 48% (D) 84%

3) ગુજકોમાસોલની એક આધુનિક તેલમિલ ક્યાં આવેલી છે ?

(A) મહેસાણા (B) અમરેલી

(C) ઊંઝા (D) રાજકોટ

4) સહકારી પ્રવૃત્તિની શરૂઆત ક્યારના સહકારી કાયદાથી થઇ છે ?

(A) 1904ના (B) 1944ના

(C) 1951ના (D) 1960ના

5) ખાનગી ક્ષેત્રે દૂધ અને દૂધની બનાવટો તૈયાર કરીને પૂરી પાડવા માટેના કરારથી કઇ ડેરી અસ્તિત્વમાં આવી?

(A) અમૂલ (B) દૂધસાગર

(C) પોલસન (D) સૂમૂલ

6) ગુજરાતમાં અત્યારે કેટલી પ્રાથમિક ગૃહ મંડળીઓ આવેલી છે ?

(A) 16587 (B) 16917

(C) 2174 (D) 16687

7) ગુજરાતમાં સૌપ્રથમ જંગલ કામદાર સહકારી મંડળી ક્યારે રચાઇ હતી ?

(A) 1960 (B) 1948

(C) 1947 (D) 1904

8) ગ્રામસભાનું પ્રમુખ સ્થાન કોણ સંભાળે છે ?

(A) તલાટી કમ મંત્રી (B) D.D.O.

(C) T. D.O. (D) સરપંચ

9) ભારત સરકારે ભૂરિયા સમિતિની ભલામણો સ્વીકારી તેનો 73 માં બંધારણીય સુધારામાં ક્યારથી સમાવેશ કર્યો ?

(A) 1996 (B) 1973

(C) 1963 (D) 1960

10) તાલુકા પંચાયતમાં ઓછામાં ઓછા કેટલા સભ્યો હોય છે ?

(A) 07 (B) 09

(C) 11 (D) 15

11) તાલુકા પંચાયતમાં કાયમી નિમંત્રીત સભ્ય તરીકે કોણ ગણાય છે?

(A) કલેક્ટર (B) ટી.ડી.ઓ.

(C) ડી.ડી.ઓ. (D) વિધાનસભાના સભ્ય

12) પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખામાં વચલી કડી તરીકે કઇ સંસ્થા કામ કરે છે?

(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત

(C) જિલ્લા પંચાયત (D) વિધાનસભા

13) તાલુકા પંચાયતના કેટલા ભાગનાં સભ્યોની લેખિત માગણી આવે ત્યારે પ્રમુખ સભા બોલાવે છે ?

(A) બે ભાગના (B) ત્રીજા ભાગના

(C) પાંચમા ભાગના (D) ચોથા ભાગના

14) તાલુકા પંચાયતની ફરજિયાત સમિતિ કઇ છે ?

(A) આરોગ્ય સમિતિ (B) કારોબારી સમિતિ

(C) બાંધકામ સમિતિ (D) શિક્ષણ સમિતિ

15) જિલ્લાની જનસંખ્યા ચાર લાખ હોય તો જિલ્લા પંચાયતનાં કેટલા મતદાર મંડળો હોય છે ?

(A) 09 (B) 11

(C) 17 (D) 23

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે :** **[15]**

16) ભારત સરકારે સરકારની સહાય નક્કી કરવા અંગે કઇ સમિતિની રચના કરી હતી ?

17) રાજ્ય ફેડરેશનનાં એજન્ટ તરીકે કોણ કામગીરી બજાવે છે ?

18) એશિયાભરમાં કઇ ડેરીએ પોતાનું અગત્યનું સ્થાન પ્રાપ્ત કરેલ છે ?

19) દેશમાં સહકારી ડેરીઓના ઝડપી વિકાસ માટે ભારત સરકારે કઈ સંસ્થા સ્થાપી છે ?

20) ગુજરાત રાજ્યમાં મીઠા ઉદ્યોગ મંડળીઓનું રાજ્ય કક્ષાનું કયું ફેડરેશન કામ કરે છે ?

21) ભારત સરકારે વૃક્ષ ઉછેર માટે સને 1985 માં કયા બોર્ડની રચના કરી છે ?

22) ગ્રામસભા વિશે સ્વ. ઈન્દિરા ગાંધીએ શું કહ્યું ?

23) ગ્રામ પંચાયતની ગ્રામસભામાં કોણ હાજરી આપી શકે છે ?

24) ગ્રામસભામાં કેટલા ટકા સભ્યોની હાજરી કાર્યસાધક સંખ્યા ગણાય છે ?

25) ગુજરાતમાં કેટલા સ્તરની પંચાયતીરાજ વ્યવસ્થા છે ?

26) તાલુકા પંચાયતનાં વહીવટી અને કારોબારી વડા કોણ હોય છે ?

27) તાલુકાની વસ્તીનાં ધોરણે તાલુકાનાં મતદાર મંડળની રચના કોણ કરે છે ?

28) તાલુકા પંચાયતમાં સમગ્ર વહીવટની નીતિ કોણ નક્કી કરે છે ?

29) તાલુકા પંચાયતમાં ચૂંટણીનાં પરિણામ સામે કોઈ સભ્યને વાંધો હોય તો કોને અપીલ કરી શકાય છે ?

30) ગુજરાત રાજ્યમાં ક્યારે પંચાયતી રાજની શુભ શરૂઆત થઈ હતી ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 13 પ્રશ્નોમાંથી કોઈ પણ 9 પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો. દરેકનાં 2 ગુણ છે :** **[18]**

31) રાષ્ટ્રીયકૃત બેન્કો સહકારી સંસ્થાઓને કઈ રીતે આર્થિક સહયોગ આપે છે ? તે જણાવો.

32) વેચાણ કેન્દ્રોના પ્રકારો લખો.

33) ગ્રામ ધિરાણ તપાસ સમિતિની કોઈ પણ બે ભલામણો જણાવો.

34) તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના સભાસદ જણાવો.

35) સહકારી ખેતી મંડળીનાં પ્રકારો જણાવો.

36) સહભાગી સિંચાઈ વ્યવસ્થાનાં કોઈ પણ બે ઉદ્દેશો લખો.

37) આદિવાસી વિસ્તારમાં કામ કરતી કોઈ પણ બે સંસ્થાઓ જણાવો.

38) ગ્રામસભામાં પૂછવા લાયક કોઈ પણ બે અગત્યનાં પ્રશ્નો લખો.

39) ગ્રામસભાને સક્રિય બનાવવાનાં બે પગલા જણાવો.

40) તાલુકા પંચાયતનાં પશુસંવર્ધન ક્ષેત્રનાં બે અગત્યનાં કાર્યો લખો.

41) તાલુકા પંચાયતની પ્રથમ સાધારણ સભાની વિશેષતાઓ જણાવો.

42) જિલ્લા પંચાયતમાં માનદવેતન મેળવતા બે પદાધિકારીઓના નામ આપો.

43) જિલ્લા વિકાસ અધિકારી પર રહેલું નિયમન જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 44 થી 56 પ્રશ્નોમાંથી કોઈ પણ 9 પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ આપો. દરેકના 3 ગુણ છે :** **[27]**

44) સહકારી વેચાણ પધ્ધતિઓ જણાવી ટૂંકમાં સમજાવો.

45) તેલીબિયા મંડળીનાં કોઈ પણ ત્રણ કાર્યો લખો.

46) ખાનગી વેપારીઓને માલ-વેચાણનાં ત્રણ સુસંગત કારણો જણાવો.

47) ધિરાણ અને વેચાણની સંયુક્ત અર્થવ્યવસ્થા કેવી રીતે ગોઠવાયેલી છે તે જણાવો.

48) પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં આવતા ત્રણ પ્રશ્નો લખો.

49) સહકારી ગૃહ નિર્માણ મંડળીનાં ત્રણ ઉદ્દેશો લખો.

50) ગ્રામસભાની બેઠકોનું આયોજન કરતા પહેલાનાં ત્રણ મુદ્દાઓ જણાવો.

51) ભૂરિયા સમિતિની અગત્યની ત્રણ ભલામણો લખો.

52) તાલુકા પંચાયતનાં કોઈ પણ ત્રણ સંસ્થાકિય અધિકારો જણાવો.

53) તાલુકા પંચાયતનાં ઉપ પ્રમુખનાં કોઈ પણ ત્રણ અગત્યના કાર્યો લખો.

54) તાલુકા પંચાયતનાં સભ્ય, પ્રમુખ અને ઉપ પ્રમુખ માટે રાજીનામાની જોગવાઈઓ વિગતે લખો.

55) જિલ્લા પંચાયતનાં સભ્યોમાં રહેલી અનામત બેઠકો વિગતે લખો.

56) જિલ્લા પંચાયતમાં સહકારી મંડળીઓને લગતા ત્રણ અધિકારો લખો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 57 થી 63 પ્રશ્નોમાંથી કોઈ પણ 5 પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો. દરેકના 5 ગુણ છે :** **[25]**

57) સહકારી વેચાણ મંડળીનાં ફાયદાઓ જણાવો.

58) જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘની પાયાની આવશ્યકતાઓ લખો.

59) નેશનલ કો-ઓપરેટિવ કન્ઝયુમર્સ ફેડરેશનનાં અગત્યનાં પાંચ હેતુઓ જણાવો.

60) મીઠા ઉદ્યોગ કામદાર સહકારી મંડળીનાં અગત્યનાં પાંચ કાર્યો લખો.

61) તાલુકા વિકાસ અધિકારીનાં અગત્યનાં કોઈ પણ પાંચ કાર્યો જણાવો.

62) તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં કાર્યો વિગતે લખો.

63) જિલ્લા પંચાયતની આરોગ્ય અને સ્વચ્છતાને લગતી પાંચ ફરજો લખો.

◆◆◆